પાટણના ભાજપના સાંસદે પોતાની ગ્રાંટ ફાળવી બનાસકાંઠા જિલ્લાના વાવ કોંગી ધારાસભ્યની વિકાસ માટે માંગ પુરી કરી

ભાભરના ઇન્દરવાથી સાંતલપુરના લુંદ્રા વચ્ચે રૂપિયા ૪.૫૦ કરોડના ખર્ચે નવો માર્ગ બનશે : બનાસકાંઠા - પાટણના ૨૦ જેટલા ગામોના લોકોને લાભ થશે

પાલનપુર તા.૧૮ બનાસકાંઠા જીલ્લાના ભાભર તાલુકાના ઈન્દરવાથી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના લુંદ્રા ગામ વચ્ચે રૂપિયા ૪.૫૦ લાખના ખર્ચે રોડને મંજુરીની મ્હોર લાગી છે. જેનાથી બનાસકાંઠા - પાટણના ૨૦ જેટલા ગામોના લોકોને લાભ થશે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જીલ્લાના ભાભર તાલુકાના ઈન્દરવાથી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના લુંદ્રા ગામને સાંકળતો માર્ગ બનાવવા માટે વાવ

વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે માંગણી કરી હતી. દરમિયાન પાટણના ભાજપના સાંસદ ભરતસિંહ ડાભીએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના રસ્તાઓની માંગણી ધ્યાનમાં રાખીને પોતાની ગ્રાંટમાંથી રૂપિયા ૪.૫૦ લાખના ખર્ચે રોડને મંજુરીની મ્હોર મારી છે. જિલ્લા થી જિલ્લાને જોડતા આ માર્ગથી ૨૦ જેટલા ગામોના લોકોને લાભ થશે. ખેડૂતોને આવવા જવા માટે સરળતા રહેશે. ખરીદી તેમજ અભ્યાસ અર્થે મુસાફરી કરતા વિસ્તારના લોકોનો મુસાફરી ખર્ચ તેમજ સમય પણ બચશે જેને લઇ આ વિસ્તાર ના ૨૦ ગામોના લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

પ્રદેશ ભાજપે મોટાં પદ આપ્યાં છતાં ઉમેદવારોને જીતાડી ન શક્યા

સાબરકાંઠા મધ્યસ્થ બેંકની ચૂંટણીમાં દક્ષિણ દૂધ મંડળીના વિભાગમાં ભાજપના ઉમેદવારની હાર

સાબરડેરી, અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલ વિરુદ્ધ પ્રદેશ સંગઠનમાં ફરિયાદ પહોંચી

બાયડ, તા.૧૮ જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરકાંઠા મધ્યસ્થ બેંકની ચૂંટણીમાં ભાજપે મેન્ડેટ આપેલા ઉમેદવારો પૈકી ૬ બેઠકોની ચૂંટણી યોજાતાં ભાજપના ૩ ઉમેદવારોની જીત થઈ છે. જ્યારે દક્ષિણ દૂધ મંડળીના વિભાગમાં ભાજપે મેદાનમાં ઉતારેલા ઉમેદવારનો પરાજય થતાં પ્રદેશ ભાજપે સાબરડેરીના ચેરમેનને મોટું પદ આપ્યું છતાં ઉમેદવારને જીતાડવામાં નાકામ રહેતાં પ્રદેશ સંગઠન સુધી ફરિયાદ પહોંચ્યાનું બહાર આવ્યું છે. જિલ્લામાં આગામી દિવસોમાં સહકારી રાજકારણમાં ખેલાયેલા ગંદા રાજકારણની રજેરજ વિગતો સામે આવી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની સહકારી સંસ્થાઓમાંથી પદ અને હોદ્દો જાય તે કોઈ સહકારી આગેવાનને ગમતું નથી. ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬૦ વર્ષથી ઓછી વયના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિયમ અમલી બનાવ્યો છે પરંતુ સહકારી વિભાગમાં તેનો જાજો અમલ થતો નથી. સાબરકાંઠા મધ્યસ્થ બેંકની ચૂંટણી જાહેર થઈ તે સાથે સહકારી રાજકારણના અવનવા પેંતરા રચાયા. નિયામક મંડળની ૧૮ પૈકી ૧૨ બેઠકો બિનહરીફ જાહેર થઈ. - બેઠકો ઉપર ચૂંટણી આવી પડતાં ગત રોજ મતદારોએ કચકચાવીને મતદાન કરવાની સાથે ભાજપને જે ઉમેદવાર ઉપર ભરોસો ન હતો તેના ઉપર મતદારોએ ભરોસો મૂકી ૬ પૈકી ૩ બેઠકો ઉપર ભાજપે મેન્ડેટ આપ્યું ન હતું તેવા ઉમેદવારો વિજયી બન્યા છે. સાબરડેરીના ચેરમેન અને અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલ વર્ષોથી બાયડ પંથકનું સાબરડેરીમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. જ્યારે દક્ષિણ દૂધ મંડળીના વિભાગમાં ભાજપે નારણભાઈ મકનાભાઈ પટેલને મેદાનમાં ઉતારી શામળભાઈ પટેલને જીતાડવાની જવાબદારી સોંપી હતી પરંતુ કોઈપણ કારણોસર તેમનો પનો ટૂંકો પડયો અને મહિલા ઉમેદવાર નિરુબેન ગોપાલભાઈ પટેલ વિજયી બનતાં તેની પ્રદેશ સુધી નોંધ લેવાઈ છે. જો કે નિરુબેન પટેલના વિજય પાછળ તેમના પતિ, સહકારી આગેવાન ગોપાલભાઈ મોહનભાઈ પટેલની વ્યૂહ નીતિ કામ કરી ગઈછે પરંતુ ભાજપે જેમને મોટા પદ આપ્યા તેવા આગેવાનો ભાજપના ઉમેદવારને નહીં જીતાડીને પ્રદેશની નારાજગી વહોરી લીધી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ચોમાસામાં અખિયા મિલાકે રોગે દેખા દીધી

જિલ્લામાં આંખને કષ્ટ આપતો કન્ઝેક્ટીવાઈટી વાયરસ વકર્યો

દરરોજ ૨૫૦૦ દર્દીઓ, આંખની હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધી શાળાઓમાં રોગ ડોકાય તો ચેપી રોગ હોવાના કારણે મુશ્કેલી વધી શકે છે

બાયડ, તા.૧૮ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં અખિયા મિલાકે રોગે દેખા દીધી છે. આંખ આવવાની સામાન્ય ગણાતી બિમારી આગામી સમયમાં વકરવાની સંભાવના છે. હાલના સમયે ખાનગી હોસ્પિટલો તેમજ સરકારી હોસ્પિટલોમાં દૈનિક આંખ રોગના ૨૫૦૦ દર્દીઓ નોંધાઈ રહ્યા છે. રખે ને શાળામાં રોગનું આક્રમણ થયું તો ચેપી રોગ હોવાના કારણે હજારો છાત્રો અખિયાં મિલાકે રોગના શિકાર બની શકે છે.જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આંખ આવવી એટલે કે કન્ઝેક્ટીવાઈટીનો રોગ વકર્યો છે. ચેપી ગણાતા રોગના કારણે ઘરમાં એક વ્યક્તિને આંખ આવ્યા પછી ૨૪ કલાકમાં બીજા વ્યક્તિઓ પણ તકેદારી ન રાખે તો અખિયા મિલાકે નો ભોગ બની રહ્યા છે. ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં આ રોગ દર વર્ષે દેખા દેતો હોય છે. તાજેતરમાં વરસેલા ભારે વરસાદ પછી અનેક વિસ્તારોમાં આંખ આવવાની સમસ્યાઓ પ્રજામાં વધી છે. આંખમાં બળતરા સાથે આંખો લાલ થઈ જતી હોવાથી સંક્રમિત દર્દીની આંખોમાંથી સતત પાણી ઝરતુ હોય જેના કારણે સંપર્કમાં આવનાર અન્ય લોકો પણ કન્ઝેક્ટીવાઈટીના સકંજામાં આવી રહ્યા છે. જિલ્લામાં સામાન્ય ગણાતા આ રોગની ઝડપ હમણાંથી વધી હોય તેમ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા માટે આવતા દર્દીઓની સંખ્યા વધી છે. વાયરલ ઈન્ફેક્શનના કારણે આ રોગ આંખોમાં ઝડપથી ફેલાતો હોવાથી તકેદારી રાખવી જરુરી બની છે.

ધીરે ધીરે આંખના દર્દીઓ વધી શકે છે - આંખ રોગ નિષ્ણાત

જિલ્લામાં આંખ આવવાનો રોગચાળાએ દેખા દીધી છે. બાયડના ડૉ.પલક આર. શાહ, હિંમતનગરના આંખ રોગ નિષ્ણાત ડિ.એમ.એમ.ઈડરીયાએ જણાવ્યું હતું કે ચોમાસાની સીઝનમાં આ રોગ ફેલાવો સામાન્ય હોય છે. પરંતુ આ વખતે વાયરલ અને સીવીયર વાયરલના દર્દીઓની સંખ્યા વધી છે અને તેમાં સીવીયર વાયરલ કન્ઝેક્ટીવીટી જણાય તો સ્ટીરોઈડ યુક્ત આઈ ડ્રોપ દર્દીને લખી આપવામાં આવે છે. કોઈપણ દર્દીએ વર્તમાન રોગચાળાને હળવાશથી લેવો ન જોઈએ અને ડૉક્ટરની સલાહ પછી જ આંખમાં ડ્રોપ નાખવા જોઈએ તેમ જણાવ્યું હતું.

આંખના ટીપાંનું વેચાણ વધ્યું

જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કન્ઝેક્ટીવાઈટીનો રોગચાળો ધીરે ધીરે વકરી રહ્યો છે. આંખો આવવાના કારણે પરેશાન મોટાભાગના લોકો નિષ્ણાત તબીબની સારવાર લેવાને બદલે સીધા મેડીકલ સ્ટોર્સમાંથી આંખના ટીપા ખરીદી ઉપચાર કરી રહ્યા છે જેથી છેલ્લા એક સપ્તાહથી આંખના ટીપાના વેચાણમાં વધારો થયો છે.

મેઘરજના નવાઘરા-મૂડશી ગામની પ્રા. શાળાના વિદ્યાર્થીઓ ઝાડ નીચે બેસી ભણવા મજબુર, અનેક શાળાઓમાં ઓરડાની ઘટ

મોડાસા, તા. ૧૮ રાજ્ય સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા સૌ ભણે સૌ આગળ વધે નું સૂત્ર આપવામાં આવ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારો માં સારું શિક્ષણ મેળવવા સરકાર દ્વારા અદ્યતન આધુનિક સુવિધા વાળી કોમ્પ્યુટર લેબ સહિત ના ઓરડાઓ માટે કરોડો વપરાય છે પરંતુ ગ્રામ્ય વિસ્તારો માં હજુ પણ કેટલીક પ્રા શાળાઓ એવી છે કે જ્યાં વિદ્યાર્થીઓ ને અભ્યાસ કરવા માટે ખુલ્લા માં બેસી ઝાડ નીચે બેસવું પડે છે. મેઘરજ તાલુકાના નવાઘરા -મૂડશી ગામ ની પ્રા શાળા ની આ પ્રા શાળા માં ધોરણ ૧ થી ૮ સુધી અભ્યાસક્રમ ચાલે છે ૬ શિક્ષકો બાળકો ને ભણાવવા માટે દરરોજ આવે છે શાળા શરૂ થયે

લગભગ ૧૫ વર્ષ ઉપર નો સમય થયો છે એટલે સ્વાભાવિક છે કે શાળા નું મકાન જીર્ણ થાય તો બે ઓરડા જર્જરિત અવસ્થા માં છે જેથી ૨૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓ ને અભ્યાસ માટે ચાર માંથી બે ઓરડા ધરાશઇ થયા જેથી ફક્ત બે જ ઓરડા બચે છે આટલી મોટી સંખ્યા બે ઓરડા માં બેસાડવી શક્ય નથી હાલ શાળા ના બાળકો ને બીજે બેસાડવા માટે કોઈ વિકલ્પ નથી જેથી શિક્ષકો દ્વારા મજબૂરી વશ વિદ્યાર્થીઓ ને દરેક ધોરણ મુજબ અલગ અલગ ટુકડી પાડી ને ખુલ્લા માં ઝાડ નીચે બેસાડવા પડે છે ત્યારે એક તરફ ઉચ્ચ શિક્ષણ , સુવિધા સભર ની તંત્ર વાતો કરી રહ્યું છે ત્યારે આ તરફ દયનિય સ્થિતિ માં વીદ્યાર્થીઓ અભ્યાસ કરવા મજબૂર બન્યા છે ત્યારે શું આ રીતે ભણશે ગુજરાત ત્યારે ગ્રામજનો ની શાળા ના પાકા ઓરડા બને એવી માગ છે

૯ લોકોને પાસા કરવા કલેક્ટરને પત્ર લખતા વાવના ધારાસભ્ય ફરી વિવાદમાં સપડાયા

વિવિધ સમાજના લોકોમાં ભારે નારાજગી છવાઈ

ડીસા, તા.૧૮ દારૂબંધી મુદ્દે આક્રમક વલણ અપનાવતા વાવના મહિલા ધારાસભ્યનો ભાઈ પીધેલી હાલતમાં પકડાતા છવાયેલા ગરમાવા વચ્ચે ધારાસભ્યે એકથી વધુ વખત દારૂના કેસ હોય તેવા ૯ લોકોને પાસા કરવા જિલ્લા કલેકટરને પત્ર લખતા વિવિધ સમાજના લોકોમાં ભારે નારાજગી છવાઈ છે. દારૂબંધી મુદ્દે ગેનીબેન ઠાકોર અવારનવાર રજૂઆતો કરે છે અને જનતા રેડ પણ કરે છે પરંતુ તેમનો નાનો ભાઈ રમેશ તાજેતરમાં પીધેલી હાલતમાં પોલીસના હાથે ઝડપાઈ જતા તેમની કામગીરી સામે બનાસવાસીઓમાં સવાલો ઉઠવા પામ્યા છે.તેમ છતાં વારંવાર વિવાદાસ્પદ નિવેદનો કરતા ગેનીબેન ઠાકોરે જિલ્લા કલેકટરને લખેલા પત્રને લઈને પણ લોકોમાં રોષ જોવા મળ્યો છે.પત્રમાં તેમણે બનાસકાંઠા એસપીએ એકથી વધુ વખત દારૂના કેસ હોવા છતાં તડીપાર કે પાસા ન કર્યા હોવાનો આક્ષેપ કરતા ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે દારૂના એકથી વધુ કેસ થયેલ હોય તેવા જિલ્લાના અલગ-અલગ સમાજના ૯ લોકો ઉપર પાસા કરવા માટે કલેક્ટરને પત્ર લખી ભલામણ કરી છે તેમજ જો કોઈ કાર્યવાહી નહિ કરાય તો ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાનો પણ ગેનીબેન ઠાકોરે પત્રમાં ઉલ્લેખ કર્યો છે.ત્યારે ગેનીબેન ઠાકોરે અલગ- અલગ સમાજના વ્યક્તિઓ ઉપર પાસા કરવાનો પત્ર લખતા અનેક સમાજના લોકોમાં રોષ વ્યાપી ગયો છે.અને ધારાસભ્યે વિકાસના કામ માટે પત્ર લખવો જોઈએ કોઈને પાસા કરવા માટે પત્ર લખવો એ તેમના હોદાને શોભતું નથી સહિતની અવનવી લોક ચર્ચા થઈ રહી છે.

શ્રીનાથજી હવેલી અને ગોવર્ધનાથજી હવેલી તલોદ સંચાલિત તલોદ હવેલી ખાતે હરિયાળી અમાસ નિમિત્તે હિંડોળા ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ સંપ્રદાય ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ક્રિકેટની રમત જૂથ અથડામણમાં ફેરવાઈ

માલપુર પી.જી. મહેતા હાઈસ્કૂલમાં ક્રિકેટર પર ૭ યુવકોને બેટ-સ્ટેમ્પ વડે હુમલો કર્યો

મોડાસા, તા. ૧૮ ક્રિકેટ રમત ખેલદિલીની રમત તરીકે જાણીતી છે અરવલ્લી જીલ્લાના માલપુર નગરમાં ક્રિકેટ રમવા ભેગા થયેલા બે જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થયા પછી ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મારામારીમાં પરિણમી હતી એક યુવક પર લઘુમતિ સમાજના ૭ યુવકોએ બેટ અને સ્ટમ્પ વડે હુમલો કરતા કરતા યુવક ઈજાગ્રસ્ત થયો હતો બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી પછી મારામારીમાં ફેરવાતા મામલો તંગ બન્યો હતા માલપુર પોલીસે યુવક પર હુમલો કરનાર ૬ આરોપીઓને દબોચી લીધા હતા. માલપુર વાલ્મિકી ફળિયામાં રહેતો દેવેન્દ્ર દિપકભાઈ નામનો યુવક તેના મિત્રો સાથે પી.જી.મહેતા હાઈસ્કૂલના મેદાનમાં રમવા ગયો હતો ત્યારે મેદાનમાં રમતા ક્રિકેટરો સાથે અગમ્ય કારણોસર બોલાચાલી થતા ક્રિકેટ રમતા બે જૂથ સામસામે આવી ગયા હતા અને છુટ્ટા હાથની મારામારી થઈ હતી જેમાં દેવેન્દ્ર નામના યુવક પર લઘુમતી સમાજના ૭ શખ્સો બેટ-સ્ટમ્પ વડે હુમલો કરતા યુવકને ઈજા પહોંચતા સારવાર લેવાની ફરજ પડી હતી બે જૂથ વચ્ચે જૂથ અથડામણ થતા નગરમાં તંગદિલી વ્યાપી હતી. માલપુર પોલીસે દેવેન્દ્ર દિપકભાઈની ફરિયાદના આધારે ૧)અલ્તાફમિયા યુસુફમીયાં શેખ,૨)આશીફમીયાં યુસુફમીયાં શેખ, ૩) માહીરમિયા મયુમિયા,૪)શકીલ ડોશુભાઈ,૫) શાહરુખમીયા ડોસુમિયાં, ૬)મુસ્તુ બિસ્મિલાશા દીવાન,૭)જાઉલ જાકીર મકરાણી સામે ઈપીકો કલમ-૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬ (૨),૧૧૪ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસાના ટીંટોઈ માર્કેટયાર્ડ નજીક ૧૨ ફૂટ મહાકાય અજગર આવી ચડતા હો...હા... મચી

ગામલોકોએ ઝડપી વનવિભાગને સોંપ્યો

મોડાસા, તા. ૧૮ અરવલ્લી જીલ્લામાં અજગરની પ્રજાતિ ગિરિમાળાઓ છોડી ખેતર અને માનવ વસ્તી તરફ પ્રયાણ કરતા વારંવાર ખેતરોમાં અજગરની હાજરી નોંધાતા ખેડૂતો સહીત પ્રજાજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે મોડાસાના ટીંટોઈ ગામમાં રાત્રીના સુમારે માર્કેટયાર્ડ નજીક મહાકાય અજગર આવી ચઢતા ધમાચકડી મચી હતી ગામલોકોએ અને જીવદયા પ્રેમી યુવકોએ મહામુસીબતે અજગરનું રેસ્ક્યુ કર્યું હતું.અને વનવિભાગ તંત્રને સોંપતા કોથળામાં પુરાયેલ અજગરને સુરક્ષિત નજીકના જંગલમાં છોડી મુક્યો હતો.અજગર જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા વનવિભાગ તંત્રના જવાબદાર કર્મીઓએ ફોન ઉપાડવાની તસ્દી લીધી ન હતી માંડ માંડ સંપર્ક થતા એક મહિલા વન કર્મી સ્થળ પર પહોંચ્યા હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો.

ટીંટોઈ ગામમાં સોમવારે રાત્રીના સુમારે માર્કેટયાર્ડ નજીક ૧૨ ફૂટ જેટલો મહાકાય અજગર જોવા મળતા સ્થાનિકોમાં ભયનો માહોલ સાથે બુમાબુમ કરી મુકતા ગામલોકો અને ગામના જીવદયા પ્રેમીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને અજગરને પકડવા જતા અજગર બાઈકના ટાયરમાં ફસાઈ ગયો હતો જીવદયા પ્રેમીઓએ ભારે જહેમત બાદ અજગરને પાંજરે પુરવામાં સફળ રહ્યા હતા વનવિભાગ કર્મી પણ દેર આયે દુરસ્ત આયેની માફક એક કલાક પછી પહોંચતા લોકોમાં આક્રોશ ફેલાયો હતો જીવદયા પ્રેમીઓ અને ગામલોકોએ રેસ્ક્યુ કરી ઝડપેલ અજગર વનવિભાગ તંત્રને સોંપી દીધો હતો ૧૨ ફૂટ લાંબો મહાકાય અજગર ઝડપાઈ જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

મોયદની મહિલાને મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૧૮ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ ની મહિલાને તેના સાસુ , સસરા , દિયર તથા કાકા સસરા દ્વારા ગાળો-બોલી માર મારતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજ ના મોયદ રૂપાજીવાસ ખાતે રહેતા ચંદ્રિકાબા કે જેવો પંદર વર્ષ પહેલા તેવોના સસરા તથા દિયર તથા કાકા સસરા દ્વારા ભેગામળી તેવોના મકાન માંથી કાઢી મુકેલ હતા અને ચંદ્રિકાબા તેના પતિ બાળકો સાથે મોયદ ખાતેજ તેના પતિ ભુપેન્દ્રસિંહ મોયદ ખાતે રહેતા પટેલ ના ખેતરમા ભાગ રાખીને પોતાના પરિવાર નુ ગુજરાન ચલાવે છે તો ૧૭૭૭૨૦૨૩ ના રોજ દોઢેક વાગ્યા ના સુમારે સખી મંડળ ની બચત માંથી સભ્ય ને લોન લેવાની હોય અને આ લોન મંજુર કરવાસારૂ સખી મંડળ ના પ્રમુખ તથા ઉપપ્રમુખ ની સહીઓ જરૂરી હોઇ જેથી સખી મંડળની એકબુક ચંદ્રિકાબા ના કાકીજી ઈશનબા વિજયસિંહ રાઠોડ ના પાસે હોઇ જેથી ચેકમાં સહી કરાવવા સારૂ કાકીજી ના ઘરે જતા તે દરમ્યાન ચંદ્રિકાબા ના સસરા પુથ્વીસિંહ તથા કાકા સસરા વિક્રમસિંહ રતનસિંહ રાઠોડ આવી કહેવા લાગેલ કે તુ અહીયા કેમ આવેલ છે તારે અહીયા પગ મુકવો નહી તેવી વાત કરતા ચંદ્રિકાબા એ જણાવ્યુ કે હુતો અહીંયા સખી મંડળ માંથી લોન પાસ કરાવવાની છે તે લોન માટેના ચેકમા સહી માટે આવી છુ ત્યારે દિયર રાજપાલ સિંહ પુથ્વીસિંહ રાઠોડ તથા સાસુ લક્ષ્મીબા પુથ્વીસિંહ રાઠોડ આવી એકદમ ઉશ્કેરાઈ જઈ આવી અને અપશબ્દો બોલવા લાગેલ અને અહીંયા તુ કોને પુછીને આવેલી છે તેમ કહી બોલાચાલી કરવા લાગેલ અને તે દરમ્યાન ચંદ્રિકાબા ના સસરા પુથ્વીસિંહ હાથમા લાકડી લઈ આવી ડાબા પગ ના બાવડા ના ભાગે મારી દીધેલ અને દિયર રાજપાલસિંહ હાથમાંથી લાકડી લઈ ચંદ્રિકાબા ના બરડા ના ભાગે મારી દીધેલ અને સાસુ લક્ષ્મીબા એ ચંદ્રિકાબાને જમીન ઉપર નીચે પાડી દઈ ગડદાપાટુ નો માર મારવા લાગેલ જેથી ચંદ્રિકાબાએ બુમાબુમ કરતા કાકીજી ઈશનબા વિજયસિંહ રાઠોડ આવી ગયા હતા અને વચ્ચે પડી વધુ મારથી છોડાવેલ હતા અને ચારેય જણા જતા -જતા કહેતા હતા કે આજે તો તુ બચી ગઈ છે પરતુ આજ પછી અહિંયા પગ મુકીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા જતા રહેલ જેણે લઈ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ચંદ્રિકાબા દ્વારા સસરા પુથ્વીસિંહ રતનસિંહ રાઠોડ , દિયર રાજપાલસિંહ પુથ્વીસિંહ રાઠોડ , સાસુ લક્ષ્મીબા પુથ્વીસિંહ રાઠોડ , કાકા સસરા વિક્રમસિંહ રતનસિંહ રાઠોડ તમામે-તમામ રહે.મોયદ રૂપાજીવાસ ,ગામ - મોયાડ તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઇપીસીકલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

મોડાસાના રખિયાલ ગામે કરિયાણું લેવા નીકળેલી મહિલાને ગામના શખ્સે પકડી લીધી

નફ્ફટ યુવકના પરિવારજનોએ મહિલાને મારી

મોડાસા, તા. ૧૮ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના રખિયાલ ગામમાં રાત્રે કરિયાણું લેવા ગામમાં દુકાને નીકળતા નજીકમાં રહેલા હવશખોર યુવકે મહિલાને પકડી લેતા મહિલા હેબતાઈ ગઈ હતી બુમાબુમ કરતા વહુની મદદે સાસુ દોડી આવતા યુવકે મહિલાને છોડી દીધી હતી સમગ્ર ઘટનાથી હોબાળો મચતાં યુવકના પરિવારજનો દોડી આવ્યા હતા અને યુવકનું ઉપરાણું લઈ પીડિત મહિલા પર તૂટી પડી ગડદા-પાટુનો માર મારતા મહિલાને દવાખાનમાં સારવાર લેવાની ફરજ પડી હતી મહિલાએ નફ્ફટ યુવક તેની પત્ની, પિતા અને ભાણી સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા તાલુકાના રખિયાલ ગામમાં રહેતા રાકેશસિંહ રતીસિંહ મકવાણા રાત્રીના ૮ વાગ્યાના સુમારે કરિયાણું લેવા નીકળેલી મહિલાને અભદ્ર રીતે સ્પર્શ કરી પકડી લેતા મહિલા ચોંકી ઉઠી બુમાબુમ કરતા મહિલાના સાસુ દોડી આવતા રાકેશસિંહ મકવાણાએ મહિલાને છોડી મૂકી હતી બુમાબૂમ થતા હવશખોર યુવકની પત્ની, પિતા અને ભાણી ઉપરાણું લઈને દોડી આવ્યા હતા અને ભોગ બનનાર મહિલાને ગડદા-પાટુ નો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઇ ગયા હતાં પીડિત મહિલાને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર લેવાની ફરજ પડી હતી મહિલાની આબરૂ લેવાનો પ્રયાસ કરનાર સામે ગામમાં ભારે રોષ ફેલાયો હતો.

મોડાસા રૂરલ પોલીસે મહિલાની ફરિયાદના આધારે રાકેશસિંહ રતીસિંહ મકવાણા, યુવકની પત્ની નિકુબેન રાકેશસિંહ મકવાણા, પિતા રતીસિંહ માનસી મકવાણા તેમજ એક યુવતી સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા